**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૭/૦૬/૨૦૧૭ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૪૯/૧૭</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી ૫૦ વ્યક્તિઓને ઝડપી, ૧૬૫ લીટર દેશી દારૂ અને ૬૭૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૩૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૭૨૪ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૫૦/૧૭</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૫૧/૧૭</u>**

**અમરાઇવાડીઃ** રાકેશભાઈ નાગુરામ આદિદ્રવિડ (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ સર્વોદયનગર અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૬/૧૭ રાતના ૧૧/૫૫ વાગ્યાના સુમારે પોતાના મકાનમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૦,૫૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એસ.પાટીલ ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૫૨/૧૭</u>**

**ઇસનપુરઃ** જીજ્ઞેશભાઈ સ/ઓફ સુખદેવભાઈ ઠક્કર (રહે. કામેશ્વર કોમ્પ્લેક્ષ ઘનશ્યામનગર કેનાલ રોડ ઘોડાસર ઇસનપુર) એ તા.૧૪/૬/૧૭ રાતના ૧૧/૦૦ વાગે રહેણાંક નજીક પોતાની હુન્ડાઈ વર્ના કાર નંબર ૧ ૩૬૩૭ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૫/૬/૧૭ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જીજ્ઞેશભાઈ ઠક્કરે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

**ઓઢવઃ** અશોકકુમાર સ/ઓ ચંપાલાલજી ભુટર (રહે. શિવગંગા લેઆઉટ કુશગલ રોડ કેશવપુર હુબલી કર્ણાટક) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૬/૧૭ કલાક ૫/૦૦ વાગે ઓઢવ શિવકુંજ હોટલનાં પાર્કિંગમા પાર્ક કરેલ પોતાની ઈનોવા કાર નંબર કેએ ૨૫ એમએ ૯૬૬૦ કિમત રૂપિયા ૧૩,૪૬,૫૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૩/૧૭**

**રિવરફ્રંટ ઈસ્ટઃ** રાજુ ભીમરાવ દેશ ભરથાર (ઉ.વ.૨૪) (રહે.પઠાણની ચાલી સૈજપુર ટાવર નરોડા રોડ સૈજપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૬/૧૭ કલાક ૮/૩૦ વાગ્યા પહેલા દશામાના મંદિર પાસે કેશવનગર રેલ્વે બ્રીજ નીચે નદીમાં પડતુ મુકીઆત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળવતભાઇ શકરભાઇ ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** રિયા ઘનશ્યામ ગુલવાણી (ઉ.વ.૪૨) (રહે. એસ.વી.એન સોસાયટી નરાયણનગર પાલડી) એ અગમ્ય કારણસર તા.૧૬/૬/૧૭ બપોરના ૩/૩૫ વાગ્યા પહેલા સરદારબ્રીજ નીચે ફૂલ બઝાર પાસે વોક વે નજીક નદીમાં પડતુ મુકીઆત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.